શહેરમાં રોંગ સાઈડ વાહન ચલાવતા લોકો પર તવાઈ: ૯૯૬ લોકોને દંડ ફટકારાયો

વરાછા, સરથાણા અને ઉધના દરવાજા પોઈન્ટ ઉપર ૫૫૬ કેસ કરવામાં આવ્યા

સુરત, તા.૨૨

શહેરમાં રોંગ સાઈડમાં વાહનો ચાલવતા વાહન ચાલકોને પકડી પાડવા માટે આજે શહેર ટ્રાફિક પોલીસના ચારેય રીજીયન દ્વારા એક ડ્રાઈવ રાખવામાં આવી હતી જેમાં વરાછા રોડ સરથાણા અને રોકડીયા હનુમાન મંદિર પાસેના પોઈન્ટ પર સૌથી વધુ ૫૫૬ કેસો પોલીસે કર્યા હતા.

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ શહેરમાં રોંગ સાઈડ વાહન ચલાવતા વાહન ચાલકોને કારણે ઘણી વાર જીવલેણ અકસ્માતો થતા હોય છે.જેને રોકવા માટે સુરત સીટી ટ્રાફિક પોલીસ દ્વારા સમયાન્તરે પગલાં પણ લેવામાં આવતા હોય છે.જેમાં આજે ખાસ કરીને રવિવાર હોય રોડ પર ટ્રાફિક પણ વધારે હોય છે અને રોંગ સાઈડમાં વાહન લઈને નીકળનારાપણ વધારે હોય ચારેય રીજીયનની ટ્રાફિક પોલીસની અલગ અલગ ૨૫ જેટલી ટીમો બનાવી હતી જેમાં રીજીયન વનના એ.સી.પી.એ.એમ.પરમારની ટીમ દ્વારા જે ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી તેમાં વરાછા રોડ અને સરથાણા તેમજ ઉધના દરવાજાના રોકડીયા હનુમાન મંદિર પાસેના પોઈન્ટ પરથી પોલીસે રોંગ સાઈડ જતા વાહન ચાલકોને પકડીને ૫૫૬ કેસો કર્યા હતા.

જયારે રીજીયન 2 અઠવાલાઈન્સ ઉમર ડુમસ વિસ્તારમાં ૧૨૮ કેસો,રીજીયન 3 સલાબતપુરા મહિધરપુરા અને રીંગ રોડ વિસ્તારમાં ૩૬ અને રીજીયન 4 રાંદેર અડાજણ પાલ અને અમરોલી વિસ્તાર માંથી ૨૭૬ જેટલા કેસો કરવામાં આવ્યા હતા. આમ કુલ ૯૯૬ જેટલા કેસો પોલીસે માત્રા રોંગ સાઈડના જ કર્યા હતા.

સુરતમાં નમો ચિત્રોત્સવનુ સમાપન, કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે આગેવાનો સાથે મુલાકાત લીધી

સુરત, તા.૨૨

શહેરના સંપ્રતિ ફાઉન્ડેશન અને વોલ ઓફ ફેમ સંસ્થા દ્વારા પીએમ નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે નમો ચિત્રોત્સવનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રદર્શનના અંતિમ દિવસે કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલ દ્વારા પ્રદર્શનની મુલાકાત લેવામાં આવી હતી. પીએમ મોદી સાથે સંકળાયેલા 125થી વધું ચિત્રોનું પ્રદર્શન સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ચિત્રો કલાકાર શૈલેષ ટંડેલ દ્વારા ખાસ આઠ વર્ષની મહેનત બાદ ભેગા કરી શક્યા હતા. સૌપ્રથમવાર એક જ કલાકાર દ્વારા બનાવેલા 125 થી વધુ ચિત્રોના ચિત્ર પ્રદર્શન અને આ ચિત્રને વિશેષ નામ આપી પીએમ નરેન્દ્ર મોદી ના વ્યક્તિત્વ ઉપસ્થિત કર્યું છે જે વિશેષ રેકોર્ડ મળ્યો છે. જે રેકોર્ડ મંત્રી સી આર પાટીલના હસ્તે વોલ ઓફ ફેમ અને સંપ્રતિ ફાઉન્ડેશનને અર્પણ કરવામાં આવ્યો છે.

સંપ્રતિ ફાઉન્ડેશનના ચેરમેન નીરવ શાહે જણાવ્યું હતું કે, આ પ્રદર્શન 17 તારીખ થી પાંચ દિવસ માટે જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આજે અંતિમ દિવસે કેન્દ્રીય જલશકિત મંત્રી સી આર પાટીલે આ પ્રદર્શનની મુલાકાત લેવામાં આવી હતી. તેમણે તમામ ચિત્રો જોયા હતા અને ચિત્રકારને શાબાશી આપી હતી. આ આયોજનને ગુજરાત વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટ મળ્યું છે.

પીએમ મોદી સાથે સંકળાયેલા 125થી વધુ ચિત્રોનું પ્રદર્શન સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું

ડાયાબીટીસને કારણે કલેઈમ નકારનાર વીમા કંપનીને ત્રણ લાખ વ્યાજ સાથે ચૂકવવા હુકમ

સુરત, તા.૨૨

વીમાધારકને ડાયાબિટીસ હોવાના કારણે એન્જીયોપ્લાસ્ટીનો કલેઈમ ચૂકવવાનો ઈન્કાર કરનાર ઈન્સ્યોરન્સ કંપનીને ગ્રાહક કોર્ટે લપડાક આપી હતી. કોર્ટે વીમા કંપનીને દાવાની રકમ 3 લાખ વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

એડવોકેટ શ્રેયસ દેસાઈ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ સુરત શહેરમાં રહેતા પી.વી. સિંઘલ કેર હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીનો સ્વાસ્થ્ય વીમો ધરાવતા હતા. ચાલુ વીમા દરમિયાન તેમને છાતીમાં દુ:ખાવાની ફરિયાદ સાથે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. સારવાર પાછળ 4 લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થયો હતો, પરંતુ વીમાની રકમ 3 લાખ રૂપિયા સુધીની હોવાથી તેમણે વીમા કંપની સમક્ષ 3 લાખ રૂપિયાનો દાવો રજૂ કર્યો હતો. વીમા કંપનીએ વીમાધારક ડાયાબિટીસથી પીડિત છે અને બીમારી વેઈટિંગ પિરિયડમાં હોવાનું જણાવી દાવો નકારી કાઢ્યો હતો.

આ મામલો ગ્રાહક કોર્ટમાં પહોંચતા ફરિયાદ પક્ષે એડવોકેટ પ્રાચી દેસાઈ તથા ઈશાન દેસાઈએ વીમાધારક વતી દલીલો રજૂ કરી હતી. તેમણે પોતાની દલીલોમાં જણાવ્યું કે ડાયાબિટીસ અને હૃદયરોગ વચ્ચે સીધો સંબંધ નથી. વીમા કંપનીએ ખોટી રીતે દાવો નકારીને ગ્રાહક સેવામાં ક્ષતિ દર્શાવી છે. અંતિમ સુનાવણી બાદ ગ્રાહક કોર્ટે ફરિયાદ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી દાવો મંજુર કર્યો હતો. ગ્રાહક કોર્ટે ફરિયાદની તારીખથી વાર્ષિક 8 ટકા વ્યાજ સાથે રૂ. 3 લાખની દાવાની રકમ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

વિશ્વકર્મા વિશ્વ મેગેઝીનની 'ટૂંકી વાર્તા' સ્પર્ધા: ૧૫ ઓક્ટોબર પહેલા પહોચાડવા તાકીદ

રાજકોટ, તા.૨૨

રાજકોટથી પ્રસિધ્ધ થતા મેગેઝિન 'વિશ્વકર્મા વિશ્વ' દ્વારા યુવાનો બાળકોમાં છુપાયેલી લેખન શક્તિને પ્રોત્સાહન આપવા 'ટુંકી વાર્તા' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે

લોકોનો જબરજસ્ત પ્રતિભાવ મળતાં ટુંકીવાર્તા સ્વીકારવાની સમય મર્યાદા ૧૫ સપ્ટેમ્બરથી લંબાવીને ૧૫ ઓક્ટોબર કરવામાં આવી છે.

વિજેતા વાર્તાકારોને રોકડ પુરસ્કાર અને પ્રમાણ પત્રો એનાયત કરવામાં આવશે, ૧૫ ઓક્ટોબર સુધીમાં 'ટુંકી વાર્તા' તંત્રા પ્રવીણ ગજ્જર વિશ્વકર્મા વિશ્વ કાર્યાલય ૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ યાજ્ઞિકરોડ રાજકોટ ખાતે પહોંચાડવા જણાવાયું છે.

--:: જાહેર ચેતવણી ::--

આથી અમો નીચે સહી કરનાર વિનોદભાઈ મગનભાઈ નાવડીયા જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે આ ફોટાવાળા પુરૂષ નામે અંકિત વિનોદભાઈ નાવડીયા અમોના પુત્ર થતા આવેલ છે. જે અમોના કહ્યામાં નથી. જેથી અમોનો તેની સાથે કોઈ પણ આર્થિક, સામાજીક વ્યવહાર કરેલ નથી કે રાખેલ નથી. જેથી કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેંક એ પૈસાની લેતી કરવી નહીં તેમ છતાં કોઈ વ્યક્તિ, સંસ્થા કે બેંક એ પૈસાની લેતી-દેતી કે આર્થિક વ્યવહાર કરશો તે તેની વ્યક્તિગત જવાબદારી રહેશે. અમોના પુત્રનો અમારી મિલકતમાં કોઈ હક્ક હિસ્સો રહેલ નહીં. તેમજ કોઈ પણ જાતનો વ્યવહાર કરવો નહીં તેની લાગતા વળગતાએ તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

લી. વિનોદભાઈ મગનભાઈ નાવડીયા

જલ્પેશ આર. પાલડિયા (એડવોકેટ)
ઓફિસઃ ૭, ૩જો માળ, હિરલ આર્કેડ,
ડિસ્ટ્રીક્ટ કોર્ટની સામે, અઠવાલાઈન્સ, સુરત.

જાહેર નોટીસ એમ.આર. ચૌધરી, એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, વઘઈની કોર્ટમાં

વાદી : જનાબેન વાળલભાઈ દીવા તે વિનાયકભાઈ લીટીયાભાઈ માછીની પત્ની, રહે. મુ.બારખાંધીયા, તા.વઘઈ, જિ.ડાંગ

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૦૪/૨૦૨૪
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વઘઈ કચેરી
તાલુકા સેવા સદન, વઘઈ, જિ.ડાંગ
તા.૨૧/૦૯/૨૦૨૪

વિરુધ્ધ

સામાવાળાઃ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત, ડોકપાતળ, તા.વઘઈ, જિ.ડાંગ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, જનાબેન વાળલભાઈ દીવા તે વિનાયકભાઈ લીટીયાભાઈ માછીની પત્ની, મુ.બારખાંધીયા, તા.વઘઈ, જિ.ડાંગ, અરજદારશ્રી જનાબેન વાળલભાઈ દીવા ની જન્મ તારીખઃ ૦૧/૦૬/૧૯૬૭ ના રોજ મોજેઃ વાનરચોંડ, તા.વઘઈ, જિ.ડાંગ ખાતે થયેલ અને તેમના જન્મ નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહ જાહેરાત પ્રસિધ્ધીની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી અને મામલતદાર વઘઈ, તા.વઘઈ, જિ.ડાંગની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા-વળગતા ઇસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

(એમ.આર. ચૌધરી)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વઘઈ, જિ.ડાંગ

જાહેર નોટીસ વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,સીટી પ્રાંત(દક્ષિણ)મજુરા, સુરતની કોર્ટમાં

વાદી : આશિયાબાનુ ઐયુબભાઈ ખત્રી
રહે.અકબરની વાડી, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરત

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૧૨૪/૨૦૨૪
તા.૨૩/૦૮/૨૦૨૪

વિરુધ્ધ

પ્રતિવાદી : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી સુરત મહાનગર પાલિકા સુરત

વિષયઃ- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા - વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી આશિયાબાનુ ઐયુબભાઈ ખત્રી, રહે. અકબરની વાડી, મુ.પો.ખોલવડ, તા.કામરેજ, જી.સુરતના અરજદાર પોતે આશિયાબાનુ ઐયુબભાઈ ખત્રીનું જન્મ તા.૦૧/૦૬/૨૦૦૩ ના રોજ નાના વરાછા-૮, તા. ચોર્યાસી,જી.સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી,(વિ.જે.ભંડારી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેકટર, સીટી પ્રાંત(દક્ષિણ)મજુરા, સુરત

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — ઈ-હરાજી વેચાણ નોટીસ

ROSARB સુરત શહેરી ક્ષેત્ર, ત્રીજો માળ, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ સુરત.
ફોન : 0261-2294305/04/03/01, 9499555022

તા. 24-10-2024
સમય : બપોરે 1.00 થી 3.00

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણમાં લેતા સ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (ઓ) / ગીરો અને જામીનદાર (ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર / જંગમ મિલકત સિક્યોર્ડ લેણદારને ગીરો / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો ધિરાણકર્તા દ્વારા લેવામાં આવ્યો છે. બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોર્ડ ક્રેડિટર, જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ', 'જે છે તે' અને 'આશ્રય વિના' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાંથી લેણાંનીવસૂલાત માટે વેચવામાં આવશે, ઓળખાયેલ કોઈપણ લેણાંની જવાબદારી ખરીદનાર પર રહેશે પરંતુ બેંકર પર નહીં.

ક્રમ	કરજદાર/જામીનદાર/મોર્ટગેજરનું નામ	મિલકતોનું વર્ણન	બાકી રકમ (રૂા. લાખમાં) + વ્યાજ અને અન્ય ખર્ચાઓ (રીકવરી બાદ જો કોઈ હોય તો)	અનામત કિંમત / ઈએમડી (રૂા. લાખમાં)	મિલકતનો પ્રકાર	કબજાનો પ્રકાર
01.	મેસર્સ બલર ટેક્સટાઈલ, જાગૃતિબેન કેવલ બલરની, કપીલરાય છગનભાઈ વાઘાણી, નિશાબેન કપીલરાય વાઘાણી	પ્લોટ નં. B/23 યાને પ્લોટ નં. 93 સાઈટ ઉપર, જેનું માપ આશરે 191.99 ચો.યાર્ડ યાને 160.59 ચો.મી., શ્રી સૌરભ (પાલ) કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. બીન ખેતીલાયક જમીન ઉપર સ્થિત, માપ 15816 ચો.મી., ટી.પી. સ્કીમ નંબર 14 ના ફાઈનલ પ્લોટ નંબર 46 પૈકીના સબ પ્લોટ નંબર 2 તરીકે સીમાંકન કરેલ છે, જે જમીનનો રેવન્યુ સર્વે નં. 331, 332 અને 341 પૈકી યાને બ્લોક નં. 317 પૈકી, ગામ પાલ, તા. સુરત-અડાજણ, જી. સુરત. જે મિલકત શ્રી કપીલરાજ છગનલાલ વાઘાણી અને શ્રીમતી નીશાબેન કપીલરાજ વાઘાણીના નામે સ્થિત છે. ઉપરોક્ત મિલકત બેંક ઓફ બરોડા, નવયુગ કોલેજ શાખા, સુરતની તરફેણમાં "ઈન્સ્ટુમેન્ટ રીલેટીંગ ટુ ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ્સ" દ્વારા ગીરો છે જે ઉપરોક્ત ક્રેડિટ મેળવવા માટે તા. 23-08-2013 ના ક્રમ નંબર-13371 દ્વારા SRO અઠવા સાથે રજીસ્ટર કરવામાં આવી હતી અને રૂા. 49.15 લાખની એકંદર મર્યાદ પણ મેસર્સ સાગર ફેશનના ખાતામાં બેંક દ્વારા આપવામાં આવી છે. બેંક દ્વારા મેસર્સ સાગર ફેશનના ખાતામાં અલગથી ડિમાન્ડ નોટિસ પણ જારી કરવામાં આવી છે.	રૂા.1,08,21,727.86 + તેના ઉપર લાગુ ન થયેલ વ્યાજ + કાનૂની અને અન્ય ખર્ચાઓ	1,14,23,000 / 11,42,300	ખુલ્લો પ્લોટ	સાંકેતિક કબજો
02.	મેસર્સ સાગર ફેશન, કેવલ કાંતિલાલ બલરની, કપીલરાય છગનભાઈ વાઘાણી, નિશાબેન કપીલરાય વાઘાણી		રૂા.1,03,72,833.61 + તેના ઉપર લાગુ ન થયેલ વ્યાજ + કાનૂની અને અન્ય ખર્ચાઓ			
03.	ગણેશભાઈ ખીમજીભાઈ બોધરા, ધર્મિષ્ઠાબેન ગણેશભાઈ બોધરા, ધનશ્યામ નારણભાઈ નંદવાણાને	પ્લોટ નં. 35 અને 36 (C ટાઈપ), અંદાજીત માપ 66.92 અને 66.92 ચો.મી., રસ્તા અને સીઓપમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું માપ 41.76 અને 41.76 ચો.મી. અનુક્રમે, "શ્રી ગણેશ રો-હાઉસ" તેને લગતી તમામ અનુરૂપતાઓ સાથે, જે જમીનનો રેવન્યુ સર્વે નં. 120/3+4, બ્લોક નં. 196/A, ગામ સાયણ, તા. ઓલપાડ, જી. સુરત. જે મિલકત શ્રી ગણેશભાઈ ખીમજીભાઈ બોધરાના નામે સ્થિત છે. જે મિલકતની ચતુર્સિમા : પૂર્વ : પ્લોટ નં. 40 અને 41, પશ્ચિમ : સોસાયટીનો રસ્તો, ઉત્તર : પ્લોટ નં. 37, દક્ષિણ : પ્લોટ નં. 34.	રૂા.46,87,760.70 + તેના ઉપર લાગુ ન થયેલ વ્યાજ + કાનૂની અને અન્ય ખર્ચાઓ	12,55,000 / 1,25,500	રહેઠાણીય રો હાઉસ	પ્રત્યક્ષ કબજો

કરજદાર / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ ક્રમ નં. 01 થી 03 માટે 30 દિવસીય કાયદીકીય વેચાણ નોટીસ
ન્યૂનતમ બિડ વધતી રકમ રૂા. 10,000.00 (રૂપિયા દસ હજાર પૂરા) | મિલકતનું નિરીક્ષણ તા. 23-09-2024 થી શરૂ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ માટે https://ebkray.in તથા અધિકૃત અધિકારી : ફોન : 0261-2294305/04/03/01, મો.9499555022 પર સંપર્ક કરો. (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

તારીખ : 21-09-2024 | સ્થળ : સુરત | મિલકતની મુલાકાત માટે સંપર્ક : સંતોષ માસરણકર - 0261-2294305/04/03/01, 9499555022

અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

ક્ષેત્રીય કાર્યાલય, સુરત ગ્રામીણ ક્ષેત્ર, છઠ્ઠો માળ, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ, સુરત-395007.
ફોન : 0261-2294631. ઈ-મેઈલ : recovery.suratdistrict@bankofbaroda.com

ઈ-હરાજી તા. 24-10-2024
બપોરે 2.00 થી 6.00
"પરિશિષ્ટ- IV-A [નિયમ 6 (2) અને 8 (6) ની જોગવાઈ જુઓ]

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણે લઈ સુરક્ષિત મિલકતોનું વેચાણ.
આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને કરજદાર (ઓ), જામીનદાર(ઓ), મોર્ગેજર (ઓ) ને સૂચના આપવામાં આવી છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ટગેજ / સુરક્ષિત સધ્ધર લેણદારને ચાર્જ આપવામાં આવે છે, જેનો કબજો કબજો લેવામાં આવ્યો છે બેન્ક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોરડ ક્રેડિટર, નીચે જણાવેલ ખાતા / ખાતામાં બાકી લેણાંની વસૂલાત માટે "જેમ છે તેમ", "જે છે તે છે", અને "જે કંઈ છે ત્યાં" વેચવામાં આવશે. ઓળખાયેલ કોઈપણ લેણાંની જવાબદારી ખરીદનાર પર રહેશે પરંતુ બેંકર પર નહીં. ઉધાર લેનાર / મોર્ટગેજર/ ગેરંટર / સુરક્ષિત સંપત્તિ / બાકી / અનામત ભાવ, બીડ વધારાની રકમ, ઇએમડીની વિગતો નીચે જણાવેલ છે.

અ. નં.	શાખા	દેવાદારોનું નામ જામીનદારોનું નામ	મિલકતોનું વર્ણન	મિલકતનો પ્રકાર	બાકી રકમ (લાખમાં)	રીઝર્વ કિંમત (રૂપિયામાં)	ઈએમડી (રૂપિયામાં)	કબજાનો પ્રકાર	મિલકતની ચકાસણી માટે સંપર્ક નામ અને નંબર
01	અંબેટી	ધલવાણીયા નીતિનભાઈ ઉમેશભાઈ, પાયલ નીતિનભાઈ ધલવાણીયા	પ્લોટ નં. 101, શ્રીજી રેસીડેન્સી, રાધે વિલા અને સાઈ પવિત્રા સોસાયટી પાસે, હલધરૂ ગામ રોડ, મોજે હલધરૂ, તા. કામરેજ, જી. સુરત-394310.	રહેઠાણીય ઘર	14.84	રૂા.11,95,000/-	રૂા.1,19,500/-	સાંકેતિક	યાદવ જ્યોતિષ 9532041000
02	બારડોલી મેઈન	પટેલ ભરતભાઈ હીરાભાઈ, રત્નાબેન હીરાભાઈ પટેલ, હાર્દિક કુમાર બી. પટેલ	નગરપાલિકા મિલકત નં. 168/757, વોર્ડ નં. 05, નવા ફળિયુ, સ્ટેશન રોડ, મોજે બારડોલી, તા. બારડોલી, જી. સુરત-394601.	રહેઠાણીય ઘર	10.92	રૂા.55,45,000/-	રૂા.5,54,500/-	સાંકેતિક	વર્મા સૌરભ 8980026618
03		પંચાલ ચિરાગ દિલીપકુમાર, દિલીપકુમાર નગીનભાઈ પંચાલ	B-1009, હારમની હાઈટ્સ, તુલસી બંગલોઝ પાછળ, ઉર્મિ પાર્ક નજીક, શીશુ મંદિર સ્કૂલ રોડ, મોજે બારડોલી, તા. બારડોલી, જી. સુરત.	રહેઠાણીય ફ્લેટ	22.96	રૂા.55,45,000/-	રૂા.5,54,500/-	સાંકેતિક	
04		દિલીપકુમાર નગીનભાઈ પંચાલ, દિપ્તી દિલીપકુમાર પંચાલ	B-1010, હારમની હાઈટ્સ, તુલસી બંગલોઝ પાછળ, ઉર્મિ પાર્ક નજીક, શીશુ મંદિર સ્કૂલ રોડ, મોજે બારડોલી, તા. બારડોલી, જી. સુરત.	રહેઠાણીય ફ્લેટ	22.71				
05	ગોથાણ	કાનાણી સ્નેહલબેન સંજયભાઈ	પ્લોટ નં. 17, ગ્રીન હેવન, મુલદ ગામ પાસે, કારેલી-મુલદ રોડ, મોજે. મુલદ, તા. ઓલપાડ, જિ. સુરત-394110	રહેઠાણીય ઘર	33.07	રૂા.25,14,000/-	રૂા.2,51,400/-	પ્રત્યક્ષ	મકવાણા સોહન 8980026725
06		વંશ લોચન પટેલ, સંગીતા લોચન	પ્લોટ નં. 8, ગ્રીન હેવન, મુલદ ગામ પાસે, કારેલી-મુલદ રોડ, મોજે. મુલદ, તા. ઓલપાડ, જિ. સુરત-394110	રહેઠાણીય ઘર	33.69	રૂા.24,96,000/-	રૂા.2,49,600/-	પ્રત્યક્ષ	
07		મેવાલાલ રાજબલી પટેલ, સંગીતા મેવાલાલ પટેલ	પ્લોટ નં. 30, ગ્રીન હેવન, મુલદ ગામ પાસે, કારેલી-મુલદ રોડ, મોજે. મુલદ, તા. ઓલપાડ, જિ. સુરત-394110	રહેઠાણીય ઘર	33.39	રૂા.24,48,000/-	રૂા.2,44,800/-	પ્રત્યક્ષ	
08		નીતિન નરશીભાઈ પીપલા, નારીભાઈ નાનજીભાઈ પીપલા	પ્લોટ. 156 અને 157, શિવ વાટિકા વિભાગ-2, જુહિકા રેસીડેન્સી પાસે, ઓફ નનસાડ ગામ રોડ, મોજે નનસાડ, સબ ડિસ્ટ્રી. કામરેજ, જી. સુરત-394180	રહેઠાણીય ઘર	24.17	રૂા.15,80,000/-	રૂા.1,58,000/-	પ્રત્યક્ષ	
09	હલધરૂ	સુગીર વિશ્વાસ રાયબોલે, મંદા સુધીર રાયબોલે	પ્લોટ નંબર 138, રૂદ્રાક્ષ રેસીડેન્સી, રાહી ટાઉનશીપ પાછળ, મોજે કારેલી, તા. પલસાણા, જિ. સુરત 394310	રહેઠાણીય ઘર	7.45	રૂા.6,93,000/-	રૂા.69,300/-	પ્રત્યક્ષ	નિર્મલ હિતેશકુમાર 8980026634
10		પુંડલિક રામદાસ પાટીલ, કલ્પનાબેન પુંડલીકભાઈ પાટીલ, રાકેશ પુંડલીકભાઈ બાગુલ	પ્લોટ નં. 34, રાહી ટાઉનશીપ વિભાગ-1, રૂદ્રાક્ષ રેસીડેન્સીની બાજુમાં, કારેલી હેલ્થ કેર સેન્ટર પાસે, મોજે કારેલી, તા. પલસાણા, જિ. સુરત-394310	રહેઠાણીય ઘર	7.35	રૂા.9,15,000/-	રૂા.91,500/-	પ્રત્યક્ષ	
11	કડોદરા	પાંડુરંગ પુંડલિક માલી, કુસુમબેન પાંડુરંગ માલી	પ્લોટ નં. 83, રાજ મંદિર રેસીડેન્સી, શિવ રેસીડેન્સીની બાજુમાં, માધવ વિલા પાસે, મોજે તાંતીથૈયા, સબ ડિસ્ટ્રી. પલસાણા, જિ. સુરત-394305	રહેઠાણીય ઘર	8.20	રૂા.8,10,000/-	રૂા.81,000/-	પ્રત્યક્ષ	રામ શિયો કુમાર 8980026708
12		મહેશભાઈ બાવચંદભાઈ ઉકાણી	ફ્લેટ નંબર 402, ચોથો માળ, મકાન નંબર A/14, શિવ સાઈ રેસીડેન્સી, ચલતાણ રેલવે સ્ટેશન પાસે, રેલવે ક્રોસિંગની બાજુમાં, ચલથાણ-નિયોલ રોડ, મોજે વાંકાનેડા, તા. પલસાણા, જિ. સુરત-394305	રહેઠાણીય ફ્લેટ	15.36	રૂા.8,90,000/-	રૂા.89,000/-	પ્રત્યક્ષ	
13		નંદુસિંહ જસવંતસિંહ રાઠોડ, જીતુસિંહ જસવંતસિંહ રાઠોડ	પ્લોટ નંબર 110, શ્રી વીર વિનાયક રેસીડેન્સી, સન્ડે હોમ્સ પાછળ, વાસુદેવ ફાર્મ પાસે, વલણ રોડ, મોજે માંકણા, તા.-કામરેજ, જિલ્લો-સુરત-394310	રહેઠાણીય ઘર	12.49	રૂા.11,80,000/-	રૂા.1,18,000/-	પ્રત્યક્ષ	
14		પ્રતાપ રઘુનાથ પાટીલ, અનીતા પ્રતાપ પાટીલ	પ્લોટ નંબર 238, આરાધના રેસીડેન્સી, વાસ્તુ રેસીડેન્સી પાછળ, સર્વોત્તમ હોટેલ પાસે, હલધારુ ગામ રોડ, મોજે હલધરૂ, તા. કામરેજ, જિલ્લો - સુરત-394310	રહેઠાણીય ઘર	11.62	રૂા.9,05,000/-	રૂા.90,500/-	પ્રત્યક્ષ	
15		દિપક રાજેન્દ્રસિંગ જાદવ, રાજેન્દ્રસિંગ કનકસિંહ જાદવ	પ્લોટ નંબરઃ 140, ઘનશ્યામ રેસીડેન્સી, એપલ પબ્લિક સ્કૂલની બાજુમાં, ઓફ સુરત-બારડોલી રોડ, મોજે જોલવા, તા. પલસાણા, જિ. સુરત	રહેઠાણીય ઘર	16.76	રૂા.15,32,000/-	રૂા.1,53,200/-	પ્રત્યક્ષ	
16	કાનપુરા વ્યારા	રમેશસિંહ ડુંગરસિંહ રાજપુરોહિત	પ્લોટ નં. 14/બી, એમ.એન. નગર, દેવી લક્ષ્મી રેસીડેન્સીની બાજુમાં, મુસા રોડ, મોજે કાનપુરા, તા. વ્યારા, જિ. તાપી 394650	રહેઠાણીય ઘર	19.90	રૂા.16,45,000/-	રૂા.1,64,500/-	સાંકેતિક	ભરતભાઈ ચૌધરી 9828633489
17	ક્રીમ	દિનેશભાઇ ભાણાભાઇ ડોડીયા, વાલીબેન ભાણાભાઇ ડોડીયા, જશુબેન ભાણાભાઇ ડોડીયા	પ્લોટ નં. 40, તિરુપતિ સોસાયટી, દિનદયાલ SMC ગાર્ડન સામે, દિનદયાળ સોસાયટી પાછળ, પાલનપોર જકાતનાકા પાસે, પાલનપોર પાટીયા રોડ, મોજે રાંદેર સીટી, ટી.પી. નં. 29 (રાંદેર), સબ ડિસ્ટ્રી. સુરત શહેર (અડાજણ), જિલ્લો, સુરત 395009	રહેઠાણીય ઘર	25.38	રૂા.30,20,000/-	રૂા.3,02,000/-	પ્રત્યક્ષ	સક્સેના પ્રતિક 8980026646
18	કુડસડ	રાહુલ ધનજીભાઈ કથીરીયા, અનુબેન ધનજીભાઈ કથીરીયા	પ્લોટ નં. 4, ગ્રીન હેવન, મુલદ ગામ પાસે, કારેલી-મુલદ રોડ, મોજે. મુલદ, તા. ઓલપાડ, જિ. સુરત-394110	રહેઠાણીય ઘર	31.02	રૂા.25,13,000/-	રૂા.2,51,300/-	સાંકેતિક	કુમાર રમેશ એમ. 8980026715
19		આશિષ ભગવાનભાઈ કાથરોટીયા, જયાબેન ભગવાનભાઈ કાથરોટીયા, ભગવાનભાઈ મનજીભાઈ કાથરોટીયા	પ્લોટ નં. 31, ગ્રીન હેવન, મુલદ ગામ પાસે, કારેલી-મુલદ રોડ, મોજે. મુલદ, તા. ઓલપાડ, જિ. સુરત-394110	રહેઠાણીય ઘર	28.42	રૂા.25,14,000/-	રૂા.2,51,400/-	સાંકેતિક	
20	મઢી	મનીષ રવિન્દ્રનાથ યાદવ, કાજલ મનીષ યાદવ	પ્લોટ નં. 215, રોયલ રેસીડેન્સી, લવ એન કેર પ્રાથમિક શાળા પાસે, ગંગાધરા ગામ રોડ, ગામ સોયાણી, તા. પલસાણા, જિ. સુરત-394601	રહેઠાણીય ઘર	16.63	રૂા.15,30,000/-	રૂા.1,53,000/-	સાંકેતિક	કુમાર બ્રજેશ 8980026652
21	માંડવી મુખ્ય	પટેલ બબલુ ધ્રુવનારાયણ, લીલાદેવી ધ્રુવનારાયણ પટેલ	પ્લોટ નંબર 573, મા આનંદી ટાઉનશીપ, સાઈ વિલા રેસીડેન્સી પાછળ, દીપ દર્શન શાળા પાસે, દેલડવા ગામ રોડ, મોજે દેલાડવા, તા. ચોર્યાસી, જિ. સુરત-394210	રહેઠાણીય ઘર	21.05	રૂા.17,60,000/-	રૂા.1,76,000/-	સાંકેતિક	ચૌધરી ખીમાભાઈ ઉબડિયાભાઈ 8980026654
22	મોસાલી	રામજીત પિલ્લુ	પ્લોટ નં. 131, રાધે રેસીડેન્સી, વી કે પાર્ક પાસે, તાંતીથૈયા ગામ રોડ, મોજે તાંતીથૈયા, તા. પલસાણા, જિ. સુરત-394305	રહેઠાણીય ઘર	16.35	રૂા.14,25,000/-	રૂા.1,42,500/-	સાંકેતિક	ભારદ્વાજ નિખિલ 8980026657
23		સવજી જવેરભાઈ ખસતિયા, નિરુબેન ખસતિયા	પ્લોટ નં. 238, શ્રી ગોવર્ધન ડ્રીમ રેસીડેન્સી, આરાધના ઓર્કિડ અને રૂદ્ર રેસીડેન્સી પાસે, મોજે હલધરૂ, તા. કામરેજ, જિ. સુરત 394310	રહેઠાણીય ઘર	9.18	રૂા.9,45,000/-	રૂા.94,500/-	સાંકેતિક	
24	સાયણ	હર્ષિદાબેન રસિકલાલ વાઘેલા, અભિષેક કુમાર રસિકલાલ વાઘેલા	પ્લોટ નંબર 205, નંદ સિટી વિભાગ- 1, વ્રજ વાટિકા રેસીડેન્સી પાસે, કોલી ભરથાણા- ડુંગરા રોડ, મોજે ડુંગરા, તા. કામરેજ, જિ. સુરત 394345	રહેઠાણીય ઘર	10.30	રૂા.6,55,000/-	રૂા.65,500/-	સાંકેતિક	ત્રિપાઠી સૌરભ 8980026673
25		યોગેન્દ્ર સુરેશસિંહ તોમર	પ્લોટ નંબર 109, ડિવાઇન વિલા, ડિવાઇન રેસીડેન્સી પાછળ, ઉંટિયાદરા રોડ, મોજે હથુરણ, તા. માંગરોળ, જિ. સુરત	રહેઠાણીય ઘર	7.60	રૂા.6,14,000/-	રૂા.61,400/-	પ્રત્યક્ષ	
26	શાસ્ત્રી રોડ બારડોલી	રાજકુમાર દેવીપ્રશાદ પાસી, નીલમકુમારી રાજકુમાર પાસી	પ્લોટ નં. 17, શિવ રેસીડેન્સી, સર્જન હોમ્સની બાજુમાં, ક્રિષ્ના સ્કુલ પાસે, હલધરૂ રોડ, મોજે હલધરૂ, તા. કામરેજ, જિ. સુરત 394310	રહેઠાણીય ઘર	7.96	રૂા.10,65,000/-	રૂા.1,06,500/-	સાંકેતિક	અભિષેક કુમાર 9978728005
27		વિજયકુમાર ભગવતીપ્રસાદ દુબે, મનીષાબેન વિજયકુમાર દુબે	પ્લોટ નં. 4, સુપ્રિમ ઈન્ડિયા, પ્લોટ નં. C/23/p થી C/26/P ઓફ રોયલ પાર્ક, મોજે. બાબેન, તા. બારડોલી, જિ. સુરત	રહેઠાણીય ઘર	17.76	રૂા.12,68,000/-	રૂા.1,26,800/-	પ્રત્યક્ષ	
28	ઉચ્છલ	પંકજ રતિલાલ ગોહિલ, જીતક્ષા પંકજ ગોહિલ	ફ્લેટ નં. 303, આરતી રેસીડેન્સી ભાગ-2, ઉચ્છલ પોલીસ સ્ટેશન પાસે, મોજે. ઉચ્છલ, તા. ઉચ્છલ, જિ. તાપી 394375	રહેઠાણીય ફ્લેટ	10.79	રૂા.8,55,000/-	રૂા.85,500/-	સાંકેતિક	જયસ્વાલ ઉત્કર્ષ 8980026684
29		બાપુ થાનસિંહ થોરાટ, અજય બાપુ થોરાટ	પ્લોટ નં. 21, આરાધના ઓર્કિડ, પ્રમેલા ગેટ પાસે, ગોવર્ધન રેસીડેન્સી સામે, મોજે હલધરૂ, તા. કામરેજ, જિ. સુરત 394310	રહેઠાણીય ઘર	6.32	રૂા.7,75,000/-	રૂા.77,500/-	સાંકેતિક	
30	વડપાડા નેસુ	કિશોરકુમાર પ્રિતમદાસ વાધવાણી, રોશની કિશોરકુમાર વાધવાણી	પ્લોટ નં. 81 થી 84 પૈકી સબ પ્લોટ નં. 01, એચપી પેટ્રોલ પંપ પાસે, ઉચ્છલ - નિઝર રોડ, મોજે. માણેકપોર, તા. ઉચ્છલ, જિ. તાપી 394375	રહેઠાણીય ઘર	10.25	રૂા.8,70,000/-	રૂા.87,000/-	સાંકેતિક	બડોલે હિતેશ બલીરામ 9834662898
31		સંતોષ શ્રીરામ વાઘ, જાગૃતિ સંતોષ વાઘ	પ્લોટ નં. 81 થી 84 પૈકી સબ પ્લોટ નં. 03, એચપી પેટ્રોલ પંપ પાસે, ઉચ્છલ - નિઝર રોડ, મોજે. માણેકપોર, તા. ઉચ્છલ, જિ. તાપી 394375	રહેઠાણીય ઘર	10.19	રૂા.8,55,000/-	રૂા.85,500/-	સાંકેતિક	
32	વાંકલ	કૈલાશભાઈ રતનસિંહભાઈ ગામી	ફ્લેટ નં. 202, બીજો માળ, નીલકંઠ રેસિડેન્સી, વાંકલ પ્રાથમિક શાળા પાસે, મોજે વાંકલ, તા. માંગરોલ, જી. સુરત 394430	રહેઠાણીય ફ્લેટ	8.57	રૂા.7,70,000/-	રૂા.77,000/-	પ્રત્યક્ષ	રંજન સોનુ કુમાર 8980026694
33	વાંકાનેર	ભરતભાઈ શુકલાલ ચિત્રે, ઉજ્જવલા ભરત ચિત્રે	પ્લોટ નં. 187, શિવધારા રેસીડેન્સી, જ્ઞાનદીપ ઇન્ટરનેશનલ સ્કૂલ અને શ્રી ક્રિષ્ના વેલી પાસે, મોજે કારેલી, તા. પલસાણા, જિ. સુરત 394310	રહેઠાણીય ઘર	8.59	રૂા.7,20,000/-	રૂા.72,000/-	પ્રત્યક્ષ	પટેલ તૃપ્તિકુમારી મગનભાઈ 8980026694
34	વ્યારા	રાઠોડ રવિભાઈ બાલુભાઈ	ફ્લેટ નં. 201, બીજો માળ, ટાઇપ-સી, સિદ્ધિ વિનાયક પાર્ક, ઉમિયા નગર સોસાયટી પાસે, મોજે કાનપુરા, તા. વ્યારા, જિ. તાપી 394650	રહેઠાણીય ફ્લેટ	9.63	રૂા.11,25,000/-	રૂા.1,12,500/-	સાંકેતિક	પંજિયારા સુબોધ 8980026698
35		મલીરામ છોટુરામ કુમ્હાર	પ્લોટ નં. ડી/8, અશોક વાટિકા, હેપ્પી હોમ સોસાયટી પાસે, બેડકુવા ગામ રોડ, મોજે બેડકુવા નાજીક, તા. વ્યારા, જિ. તાપી 394650	રહેઠાણીય ઘર	7.08	રૂા.7,45,000/-	રૂા.74,500/-	સાંકેતિક	
36	પુણા	કલ્પેશભાઈ ગોરધનભાઈ લાઠીયા, પ્રિયંકાબેન કલ્પેશભાઈ લાઠીયા	પ્લોટ નં. 438, શિવ વાટિકા વિભાગ-2, ધર્મનંદન બંગ્લોઝ પાસે, નનસાડ-કોલી ભરથાણા રોડ, મોજે નનસાડ, તા. કામરેજ, જિ. સુરત 394180	રહેઠાણીય ઘર	7.70	રૂા.10,35,000/-	રૂા.1,03,500/-	સાંકેતિક	શેખાવત સંદીપ સિંહ 6359909817
37		હરિચંદ્ર બાબુરાવ દોલઝાકે, કવિતા હરિચંદ્ર દોલઝાકે	ફ્લેટ નં. 702, 7મો માળ, SKY-9 બિલ્ડીંગ નં. C/2, રૂષિકેશ રેસીડેન્સી સામે, આકાર રેસીડેન્સીની બાજુમાં, ડીંડોલી, તા. સુરત, જિ. સુરત 395010	રહેઠાણીય ફ્લેટ	9.74	રૂા.12,45,000/-	રૂા.1,24,500/-	સાંકેતિક	

સરફેસી કાયદા મુજબ, કરજદાર/જામીનદાર/મોર્ગેજરને 30 દિવસીય કાયદાકીય વેચાણ નોટીસ | ઇએમડી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 24-10-2024, સાંજે 4:00 વાગ્યા સુધી.
ન્યૂનતમ બિડ વધારાની રકમ રૂપિયા 10,000.00 (માત્ર રૂપિયા દસ હજાર) | મિલકતનું નિરીક્ષણ તા. 23-09-2024 થી શરૂ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.bankofbaroda.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ માટે https://ebkray.in ની મુલાકાત લો.
તથા અધિકૃત અધિકારી ફોન : 0261-2294631 નો સંપર્ક કરો. (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

સ્થળ : સુરત. | તારીખઃ 21-09-2024

અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક — ઈ-હરાજી નોટીસ

Reaching to Unreached

રિજનલ ઓફિસ, સુરતઃ ૩જો માળ, સીટી સેન્ટર કોમ્પ્લેક્ષ, યોગી ચોક પાસે, વરાછા રોડ, સુરત- ૩૯૫ ૦૦૬, ઈમેલઃ rosurat@barodagujaratrrb.co.in, વેબસાઈટઃ www.bggb.in

ઈ-હરાજી તા.: ૧૦.૧૦.૨૦૨૪

ધી સિક્યુરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે ધી સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ ૨૦૦૨ની કલમ ૮(૬) ની જોગવાઈઓને વેચાણે લેતા સ્થાવર મિલકત અંગેની ઈ-ઓકશન દ્વારા વેચાણ નોટીસ.
આથી, અહીં અત્રે જાહેર જનતાને તથા વ્યક્તિગત રીતે લોનધારક(કો) અને જામીનદાર(રો) ને નીચે વર્ણવવામાં આવેલ બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના કબજામાં રહેલી મિલકત **તા.૧૦.૧૦.૨૦૨૪ ના રોજ** સદર બેંકના અધિકૃત અધિકારીએ સદરહું મિલકત "જ્યાં છે, જેમ છે" અને "જ્યાં છે, જે છે" ના આધાર પર નીચે દર્શાવેલ જામીનપાત્ર, લોન પરનું વ્યાજ, અન્ય ખર્ચા અને લાગુ પડતા ચાર્જની વસૂલાત માટે કબજો લીધો છે. ઈ-ઓકશન websitehttps://www.bankeauctions.com પર ૧૧.૦૦ થી ૧૩.૦૦ દરમિયાન યોજવામાં આવનાર છે. મિલકતની સંપૂર્ણ વિગત, અનામત કિંમત, ઈએમડી અને પઝેશનનો પ્રકાર નીચે દર્શાવેલ છે.

ક્રમ	શાખા નું નામ મોબાઈલ નંબર	કરજદાર(રો) જામીનદાર(રો) ના નામ	૧૩(૨) માંગણા નોટીસ મુજબ કુલ માંગ રકમ	સ્થાવર મિલકતની વિગત	અનામત કિંમત (ઈએમડી)	કબજા ની સ્થિતી
૧.	સરથાના મોઃ 7574848366	મેસર્સ માતૃત્વ એન્ટરપ્રાઈઝ, પ્રોપ. શ્રી વલ્લભભાઈ વાઘજીભાઈ ગોંડલીયા, જામીનદારઃ શ્રી ભરતભાઈ વાઘજીભાઈ અકબરી, શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ રાજપરા	રૂા. ૧૪,૯૯,૭૩૮.૮૦ + વ્યાજ ૧૩(૨) નોટિસ મુજબ તા. ૧૫.૦૯.૨૦૧૭	મિલકત ની જમીન ૫/એ સ્થાવર મિલકત પ્રકારઃ શેડ પ્લોટ નં. ૫૯ લગભગ ૧૪૮.૭૦ ચોરસ મીટર જમીનનો સમાવેશ થાય છે. શ્રી ગોવર્ધન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ જ્યાં આવેલ તે જમીન આર.એસ. નં. ૩૮૧, ૩૮૫ અને ૪૧૫ એટલે કે બ્લોક નં. ૩૮૫ ગામઃ પીપોદરા, તાલુકો માંગરોલ, જીલ્લોઃ સુરત. શ્રી વલ્લભભાઈ વાઘજીભાઈ ની છે.	૧૨,૮૨,૫૦૦/- / ૧,૨૮,૨૫૦/-	સાંકેતિક

હરાજીના નિયમો અને શરતોની વિગતો માટે કૃપા કરીને બેંકની વેબસાઈટ પર https://www.bggb.in/e_auction.php આપેલી લિંકનો સંદર્ભ લો. | સરફેસી એક્ટ, ૨૦૦૨ અનુસાર કાયદેસર રીતે ૧૫ દિવસની વેચાણ નોટીસ

લોનધારકો/જામીનદારોને આ નોટીસ દ્વારા હરાજીની છેલ્લી તારીખ પહેલાં વ્યાજ અને અન્ય ખર્ચ સાથે માંગણાની રકમ જમા કરાવવા માટે જાણ કરવામાં આવી છે, જેમા નિષ્ફળ જતા, મિલકતોની હરાજી/વેચાણ કરવામાં આવશે અને જો હરાજી/વેચાણ પછી બાકી રહેલી રકમ અને ખર્ચ વ્યાજ સાથે વસૂલ કરવામાં આવશે.

સ્થળઃ સુરત - તારીખઃ ૨૩.૦૯.૨૦૨૪ | નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી - બરોડા ગુજરાત ગ્રામીણ બેંક

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry .